


# આનંદઘનની આત્માનુભૂતિ

૧૧





अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ? – उत्तराध्ययनम्

આત્મન્ ! તારી જાત સાથે જ યુદ્ધ કર.

બાહ્ય યુદ્ધનું તારે શું કામ છે ? – ઉત્તરાધ્યયનમ્

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું - ૮૭

અધ્યાત્મ યોગીરાજ અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત પદ પર પરિશીલન

# આનંદઘનની આત્માનુભૂતિ

(એકાદશ પદ)




પરિશીલનકાર

પ્રાચીન શ્રુતોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજા

પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

પુસ્તકનું નામ : આનંદઘનની આત્માનુભૂતિ

મૂળ કૃતિ : અલગારી અવધૂત પ. પૂ. આનંદઘનજી મહારાજ પ્રણીત એકાદશ આધ્યાત્મિક પદ

---

વિષય : મોહપરાજય

વિશેષતા : સત્ત્વની પરાકાષ્ઠા પામવા માટે, કર્મસંગ્રામમાં શૂરવીર બનવા માટે, મોહપરાજય કરવા દ્વારા કેવળજ્ઞાન અને વીતરાગતાની પ્રાપ્તિ માટે પરિશીલનીય પ્રબંધ.

---

વિ. સં. ૨૦૬૭ • પ્રતિ : ૨૦૦૦ • મૂલ્ય : ૧૦૦/-

---

## પ્રાપ્તિ સ્થાન :

1) શ્રી કે. પી. સંઘવી ગ્રુપ.. 1301, પ્રસાદ ચેમ્બર્સ, ઑપેરા હાઉસ, મુંબઈ-400 004. ફોન : 022-23630315

2) શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા .. રૂ.નં.6, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-400 002. ફોન : 22818390, Email : devanshjariwala@gmail.com

3) શ્રી અક્ષયભાઈ શાહ .. 506, પદ્મ એપાર્ટ, જૈન મંદિર કે સામને, સર્વોદયનગર, મુલુંડ (પ.). મો. : 9594555505, Email : jinshasan108@gmail.com

4) શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા .. સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-5. મો.: 9426585904, Email : ahoshrut.bs@gmail.com

5) શ્રી મેહુલ જે. વારૈયા .. 401, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, હનુમાન ચાર રસ્તા, સ્ટેટ બેંક ની ઉપર, ગોપીપુરા, સુરત-395 001. મો. : 9374717779, Email : mehuljvaraiya@gmail.com

6) મલ્ટી ગ્રાફિક્સ .. 18, Khotachi Wadi, Vardhaman Bldg., 3rd Floor, V. P. Road, Prathana Samaj, Mumbai - 4. Ph.: 23873222 / 23884222. E-mail : support@multygraphics.com

7) પરેશભાઈ શાહ .. A/202, શિવકૃપા, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, મથુરાદાસ રોડ, કાંદિવલી (પ.), મુંબઈ - 400 062. મો. 9820017030


Design & Printed by : **MULTY GRAPHICS**... www.multygraphics.com



(c) Copyright held by Publisher & Author under Indian copyright act, 1957. http://copyright.govt.in/documents/copyright rules 1957.pdf


કુંજર સમા શૂરવીર જે છે, સિંહ સમ નિર્ભય વળી.

BE A LION. BE ALIVE FOREVER.



તેમને...

જેમણે

સત્વની સર્વોત્કૃષ્ટતા દાખવી

પરાક્રમની પરાકાષ્ઠાને સાધી

શૌર્યની શ્રેષ્ઠતા સિદ્ધ કરી

અને

અસંખ્ય આંતરશત્રુઓ પર

જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો...

जिन मन्दिर-जल मन्दिर-जीव मन्दिर का पुण्य प्रयाग अर्थात्

## पावापुरी तीर्थ-जीवमैत्रीधाम

## SPONSOR (સુકૃત સહયોગી)

વિશ્વવિખ્યાત શ્રી પાવાપુરી તીર્થ-જીવમૈત્રી ધામ નિર્માતા
શ્રી કે. પી. સંઘવી પરિવાર...



સત્વનું આ સ્વામિવાત્સલ્ય
આપે સર્વને સુલભ બનાવ્યું,
તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# K. P. SANGHVI GROUP

**Name of the Entity**

*K. P. Sanghvi & Sons*
*Sumatinath Enterprises*
*K. P. Sanghvi International Limited*
*KP Jewels Private Limited*
*Seratreak Investment Private Limited*
*K. P. Sanghvi Capital Services Private Limited*
*K. P. Sanghvi Infrastructure Private Limited*
*KP Fabrics*
*Fine Fabrics*
*King Empex*



# આંતરસંગ્રામ

‘‘હવે જો વિશ્વયુદ્ધ થાય તો એમાં શેનો ઉપયોગ થશે? મશીનગન? અણુબોંબ? હાઇડ્રોજન બોંબ?’’ શિક્ષકના પ્રશ્નનો ચબરાક ટાબરિયાએ ઉત્તર આપ્યો... ‘‘એ તો ખબર નથી. પણ એની પછીના યુદ્ધમાં પથરાઓનો ઉપયોગ થશે.’’

જેનું પરિણામ સર્વવિનાશ છે, એનું નામ બાહ્યયુદ્ધ અને જેનું પરિણામ સર્વસમૃદ્ધિ છે, એનું નામ આંતરસંગ્રામ. પણ આ સંગ્રામ સેંકડોગણું સત્ત્વ માંગી લે છે. શૂરવીરતાના શિખરને આંબ્યા વિના આ સંગ્રામની શરૂઆત પણ થતી નથી. પણ જો એક વાર સત્ત્વ અને શૌર્ય આત્મસાત્ થાય, એટલે જ્વલંત વિજય... સર્વસમૃદ્ધિ... અને અક્ષય આનંદ સદા માટે સ્વાધીન થઇ જાય છે.


શૌર્યનો શંખનાદ આપણા રોમે રોમે વ્યાપી જાય... સત્ત્વનો સિંહનાદ આપણા પ્રત્યેક આત્મપ્રદેશે પ્રસરી જાય... એના માટે પૂ. આનંદઘનજી મહારાજનો આ પ્રયત્ન છે... ચાલો, એને સાર્થક કરીએ.

- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ

आतम अनुभव रीति वरीरी
आतम अनुभव रीति वरीरी
मोर बनाए निज रूप निरूपम
तिच्छन रुचि कर तेग धरीरी...१
**आतम अनुभव रीति वरीरी...**

टोप सन्नाह शूर को बानो
एकतारी चोरी पहिरीरी.
सत्ता थल में मोह विदारत
ऐ ऐ सुरिजन मुह नीसरीरी...२
**आतम अनुभव रीति वरीरी...**

केवल कमला अपछर सुंदर
गान करे रस रंग भरीरी.
जीत निशान बजाइ विराजे
आनंदघन सर्वंग धरीरी...३
**आतम अनुभव रीति वरीरी...**



आतम अनुभव रीति वरीरी
आतम अनुभव रीति वरीरी
मोर बनाए निज रूप निरुपम
तिच्छन रुचि कर तेग धरीरी...१

**आतम अनुभव रीति वरीरी...**

આત્માનુભૂતિની રીતનો સ્વીકાર કર્યો છે. આત્મસ્વરૂપરૂપ અનુપમ મોડ બનાવ્યો અને તીક્ષ્ણ રુચિરૂપ તલવાર હાથમાં ધારણ કરી. ॥૧॥

થોડા મિત્રો પોતપોતાના પરિવાર સાથે પ્રવાસ કરવા ગયા હતા. તેમાં એક નાનો બાળક પણ હતો. એને હજી ચાર મહિના જ થયા હતાં. એક વાર એ ધ્રુસકે ધ્રુસકે રડતો હતો. એની મમ્મી એને છાનો રાખવા માટે જાતજાતના પ્રયત્ન કરતી હતી. તો ય બાળક તો જોર જોરથી રડતો જ હતો.

કોઈને દયા આવી. પાસે જઈને પૂછ્યું ‘‘શું થયું?’’ બાળકના મમ્મી કહે, ‘‘જુઓ ને, આ કેટલો રડે છે ! મેં પોપટનો અવાજ અજમાવ્યો, બિલાડીનો અવાજ અજમાવ્યો, મોરનો અવાજ અજમાવ્યો, તો પણ એ શાંત જ નથી રહેતો.’’

પૂછનાર જરા ટીખળી હતો, એણે કહ્યું, ‘‘તમારો પોતાનો અવાજ અજમાવી જુઓ ને...’’ એ મમ્મીએ તેમ કર્યું, અને ખરેખર બાળક શાંત થઈ ગયો.

પ્રસંગ જેટલો રમૂજી છે, તેટલો જ રહસ્યપૂર્ણ પણ છે. બાળક માટે પોપટ, બિલાડી, મોર એ બધાનો અનુભવ એ પર-અનુભવ હતો. એને મન એની ‘પોતાની’ હતી એની માતા. જ્યાં સુધી ‘પર’નો અનુભવ હતો, ત્યાં સુધી એ પરેશાન રહ્યો. પોતાનો - ‘સ્વ’નો અનુભવ મળતા એ શાંત થઈ ગયો.

આ ઘટના માત્ર એ બાળકની નથી. આપણા સહુની છે. **અનાદિકાળથી ‘પર’નો અનુભવ કરતા કરતા આત્માએ જે પરેશાની ભોગવી છે, તેનું વર્ણન કેવળજ્ઞાની પણ કરી શકે તેમ નથી.** હા, કેવળજ્ઞાની તેને જાણે છે. પણ તેનું સંપૂર્ણ વર્ણન કરી શકતા નથી. કારણ કે આયુષ્યનો અંત છે, પણ તે પરેશાનીની કથા અનંત છે.

પ્રભુ વીર સમવસરણમાં બિરાજમાન હતા. ગૌતમસ્વામી તેમની સમીપ આવ્યા. પ્રભુને પ્રદક્ષિણા દીધી... વંદન કર્યા... અને એક પ્રશ્ન કર્યો,

‘‘પ્રભુ ! નરક કેટલી છે?’’

‘‘ગૌતમ ! નરક સાત છે.’’

‘‘ભગવંત ! નરકાવાસો કેટલા છે?’’

‘‘ગૌતમ ! નરકાવાસો ચોર્યાશી લાખ છે.’’

એક મકાનમાં જેમ અનેક માળ હોય અને એક માળમાં જેમ અનેક ફ્લેટ હોય, તેમ એક નરકમાં અનેક પ્રતરો અને અનેક નરકાવાસો હોય છે. પણ હા, એ નરકાવાસો આજની આપણી માનેલી દુનિયા કરતા લાખો-કરોડો ગણા અને અસંખ્યગણા મોટા હોય છે.

ગૌતમસ્વામી હવે અંતિમ પ્રશ્ન કરે છે..

‘‘ભગવંત ! સાતે નરકના ચોર્યાશી લાખ નરકાવાસ છે, તે પ્રત્યેક નરકાવાસમાં નરકના જીવ તરીકે સર્વ જીવો ઉત્પન્ન થઈ ચૂક્યા છે?’’

પ્રભુએ જવાબ આપ્યો છે...

‘‘हंता गोयमा ! असइं अदुवा अणंतखुत्तो... હા ગૌતમ ! યા તો અનેકવાર ઉત્પન્ન થયા છે અને યા તો અનંત વાર ઉત્પન્ન થયા છે.’’

પગ નીચેથી ધરતી સરકી જાય, એવો પ્રભુનો આ જવાબ છે. સાત નરક... ચોર્યાશી લાખ નરકાવાસ અને એક એક નરકાવાસમાં અનંત વાર ઉત્પત્તિ... અહીં બધા માટે અનંત વાર એવું નથી કહ્યું, તેનું કારણ એ છે કે જેઓ અલ્પ સમય પહેલા જ વ્યવહારરાશિમાં આવ્યા છે, તેવા જીવો અનેક વાર



ઉત્પત્તિ પામ્યા હોય એ શક્ય છે. બાકી સામાન્યથી તો બધા જીવો બધા નરકાવાસોમાં અનંતવાર... વિચાર કરતાં ય ચક્કર આવી જાય, એવી આ વાસ્તવિકતા છે. આ ભયાનક ભૂતકાળના પાયામાં છે એક માત્ર 'પર'ની અનુભૂતિ... હવે જો એ ભયાનક ભૂતકાળનું પુનરાવર્તન અટકાવવું હોય, ભવ્ય ભવિષ્યકાળનું સર્જન કરવું હોય, તો તેનો ઉપાય એક જ છે... આત્માનુભૂતિ.

## आतम अनुभव रीति वरीरी

બાળક માને છે કે 'માતા એ મારી પોતાની છે.' પોતાનો જન્મ જેનાથી થયો, એ પોતાની છે, એ માન્યતાને અનુસારે જોઇએ, તો આત્માનું પોતાનું કોઈ હોય તો એ પોતે જ છે. કારણ કે આત્મા સ્વયં 'સ્વ'ભાવનો કર્તા છે. માટે આત્માનુભૂતિ એ જ સ્વાનુભૂતિ છે, એ જ સુખ - શાંતિ અને સમાધિનો એક માત્ર સ્રોત છે. ચાલો, આ જ ક્ષણે આપણે તેને વરીએ...

## आतम अनुभव रीति वरीरी

આત્માનુભૂતિ એટલે સ્વભાવસામ્રાજ્યનો આનંદ માણવો. સ્વભાવસામ્રાજ્યની પ્રાપ્તિ ત્યારે જ થઇ શકે, કે જ્યારે પરભાવપરિણતિનો પરાજય કરાય. પરભાવપરિણતિ એ જ સ્વભાવસામ્રાજ્યની પ્રાપ્તિમાં બાધક છે. એક નાનકડું ગામ પણ જીતવું હોય તો જબરદસ્ત જંગ ખેલવો પડે છે, એક બાહ્ય રાજ્યને પામવા માટે પણ પ્રાણોને હોડમાં મુકવા પડે છે, તો પછી સ્વભાવસામ્રાજ્યને પામવા માટે તો શું ન કરવું પડે? યોગસારમાં કહ્યું છે -

लोकोत्तरान्तरङ्गस्य मोहसैन्यस्य तं विना।
सम्मुखं नापरैस्स्थातुं शक्यते नात्र कौतुकम्।।

લૌકિક શત્રુઓને જીતવા માટે પણ સત્ત્વની પરાકાષ્ઠા આવશ્યક હોય છે, તો પછી લોકોત્તર અંતરંગ શત્રુઓ તો પ્રચંડ સત્ત્વ વિના શી રીતે જીતી શકાય. ના, એના વિના તો મોહસૈન્યની સામે ઊભા રહેવું પણ શક્ય નથી. અને આ પરિસ્થિતિમાં કોઈ આશ્ચર્ય પણ નથી.

કુમારપાળ અને અર્ણોરાજ, આ બંને રાજાઓનું ભયાનક યુદ્ધ થવાનું હતું. અર્ણોરાજે છળ-કપટનો સહારો લીધો. કુમારપાળના આખા સૈન્યને ધન આપીને ફોડી દીધું. યુદ્ધભૂમિમાં ઘટસ્ફોટ થયો. કુમારપાળે મહાવતને પૂછ્યું, ''મારા પક્ષે કોણ કોણ છે?'' મહાવત કહે, ''માત્ર ત્રણ જણ, તમે, હું અને આ હાથી.'' કુમારપાળ કહે, ''મારે તો આટલા પણ બસ છે.''

કુમારપાળના ઈશારાથી મહાવતે હાથીને સીધો અર્ણોરાજ તરફ દોર્યો. ધસમસતા હાથીને જોઇને અર્ણોરાજ ગભરાયો. હાથીને પાછો ઠેલવા ભયાનક શંખનાદ કરાવ્યા. હાથી પાછો પડે એ પહેલા તો કુમારપાળે પોતાના ઉત્તરીય વસ્ત્રના બે ફાડિયા કરીને હાથીના કાનમાં નાખી દીધાં. હાથી જેવો અર્ણોરાજની નજીક પહોંચ્યો, કે તરત કુમારપાળે છલાંગ લગાવી અર્ણોરાજની અંબાડીમાં ઝંપલાવ્યું. તલવારની ધાર એના ગળા પાસે ધરીને જ્વલંત વિજય મેળવ્યો.

આને કહેવાય સત્ત્વની ધગધગતી મૂર્તિ. જો અર્ણોરાજને જીતવા માટે પણ આવું પ્રચંડ સત્ત્વ જોઇએ, તો મોહરાજને જીતવા માટે તો કેવું અદ્ભુત સત્ત્વ જોઇએ? આગમમાં સાધકને સ્પષ્ટ નિર્દેશ કર્યો છે કે તારે આવી અદ્ભુત


War is like love
it always finds a way.

સત્ત્વવૃત્તિને આત્મસાત્ કરવી પડશે.

से तत्थ पत्ते न वहिज्ज भिक्खू
संगामसीसे इव नागराया

ભયાનક યુદ્ધભૂમિમાં મોખરે જે ગજરાજ હોય છે, તેનું સત્ત્વ ગજબ હોય છે, બાણોનો વરસાદ થાય કે ભયાનક ભાલાઓ ભોંકાય, એ ગજરાજનું રુંવાડુ પણ ન ફરકે, એ તો પ્રચંડ સત્ત્વ સાથે શત્રુસૈન્ય તરફ ધસી જાય, અને તેનો કચ્ચરઘાણ બોલાવી દે. કર્મસંગ્રામમાં સાધકે આવા અદ્ભુત સત્ત્વના સ્વામી થવું અનિવાર્ય છે. સાધક એટલે એક મહા શૂરવીર યોદ્ધા. આ પદમાં આ યોદ્ધાનું શબ્દચિત્ર રજુ કરાયું છે.

## मोर बनाए निज रूप निरुपम

અનુપમ આત્મસ્વરૂપ એ સાધક આત્માનો મોડ (મોર) છે. 'મોડ' એ યોદ્ધાઓનું એક ઉપકરણ છે. જેને માથામાં બાંધવામાં આવતું હતું. મોડનો સામાન્ય અર્થ મુગટ કરી શકાય. શિર સલામત તો જીવ સલામત એવી એક માન્યતા છે. માટે જ આજે સ્કૂટરસવારો હેલમેટ પહેરે છે. આત્મસ્વરૂપને મોડની ઉપમા આપી છે. તેની પાછળ ગર્ભિત એ જ સંકેત છે, કે સાધકના સર્વસ્વની રક્ષા કરે છે આત્મસ્વરૂપની જાગૃતિ.

શ્રમણસૂત્રનું એક પદ છે - સમણોऽહં - હું શ્રમણ છું.

સમગ્ર શ્રામણ્યની સમૃદ્ધિ અને જવાબદારીનું પરિચાયક છે આ પદ. સમસ્ત શ્રમણાચારોનું સ્મૃતિચિહ્ન છે આ પદ. આજે ય શ્રમણસૂત્રમાં આ પદનો ઉચ્ચાર કરતા મહાત્માઓની સંયમસંવેદના રણઝણી ઉઠે છે. બરાબર આ જ રીતે એક અન્ય પદ પણ સ્મરણીય છે - आत्माऽहम् - હું આત્મા છું.

## मोर बनाए निज रूप निरुपम

અનુપમ આત્મસ્વરૂપ... અદ્ભુત આત્મસમૃદ્ધિ... ભવ્ય આત્મવૈભવ... અનંત આત્મગુણો... એ સર્વનો સાક્ષાત્કાર आत्माऽहम् આ પદથી થઇ શકે છે.

સમૃદ્ધિની હાજરી હોય, એટલા માત્રથી વ્યક્તિ તેનો લાભ નથી લઈ શકતી. લાભ તો તેને મળે, જેને સમૃદ્ધિની સભાનતા હોય, 'હું સમૃદ્ધ છું' એવું સંવેદન હોય.

सब ही साहूकार है, सब की गांठी लाल,
गाँठ खोल देखे नही, तासों फिरे कंगाल.

પ્રત્યેક આત્માની ભીતરમાં અનંત આત્મસમૃદ્ધિ ઝળહળી રહી છે. જે તેને જુએ છે, તેના પ્રત્યે સભાન બને છે, તે તેનો લાભ લઇ શકે છે, તે શ્રીમંતાઈને ભોગવી શકે છે. જેને આત્મસમૃદ્ધિનું ભાન નથી, એ અધ્યાત્મવિશ્વમાં દરિદ્ર છે... એ છતી સમૃદ્ધિએ કંગાળ થઇને ફરે છે.

## मोर बनाए निज रूप निरुपम

નિરુપમ છે નિજરૂપ.

જેની દુનિયાભરમાં કોઇ ઉપમા નથી, એનું નામ નિરુપમ. જેની કક્ષામાં તો કોઈ પહોંચી શકે તેમ નથી, જેના જેવું પણ કોઈ થઈ શકે તેમ નથી, તેનું નામ નિરુપમ. વિશ્વના સમસ્ત પુદ્ગલો સતત પરિવર્ત્તનશીલ છે. હંમેશા સારા-નરસા પર્યાયોમાં પુદ્ગલોનું પરિણમન થતું રહે છે. ધારો કે વિશ્વના સમસ્ત પુદ્ગલો એક જ સમયે શ્રેષ્ઠતમ ઉત્કૃષ્ટ પર્યાયમાં પરિણત થાય. ત્રણે લોકના પુદ્ગલો પ્રકૃષ્ટ સૌંદર્ય ધારણ કરે, તો ય તેઓ શુદ્ધ આત્મસ્વરૂપની તોલે ન આવી શકે. અરે, તેની રમણીયતાના અનંતમાં ભાગને પણ તેઓ ન આંબી શકે.

### मोर बनाए निजरूप निरुपम

અનુપમ આત્મસમૃદ્ધિ પ્રત્યેની સભાનતા એ સાધકનું શિરોકવચ છે. કવચથી પોતાની રક્ષા થાય, પણ તેની સાથે શત્રુઓનો સંહાર કરવા માટે શસ્ત્ર પણ જોઈએ ને? માટે આગળની પંક્તિમાં તે જ વાત કરી છે-

### तिच्छन रुचि कर तेग धरीरी

હાથમાં તીક્ષ્ણ રુચિરૂપ તલવાર ધારણ કરી છે. રુચિ એટલે શ્રદ્ધા. **ચૈત્યવંદન મહાભાષ્ય**માં શ્રદ્ધાની માર્મિક વ્યાખ્યા કરી છે -

सद्धा णिओऽभिलासो


કોઈના આગ્રહ કે પ્રેરણા વિના જે પોતાને સહજ અભિલાષા થાય, તેનું નામ શ્રદ્ધા. આત્માનુભૂતિની રુચિ એ જ તીક્ષ્ણ તલવાર છે, કારણ કે 'પરાનુભૂતિ' થી પ્રગટતા વિકારોના એ ટુકડે ટુકડા કરી દે છે. આત્માની વિભાવદશા... પરપરિણતિની પરવશતા... એ આત્માના મહાશત્રુઓ છે. એમનો વિનાશ કરવાનો એક માત્ર ઉપાય છે આત્માનુભૂતિની રુચિ.

બાળકને રમવાની રુચિ છે, તો તેને રમવા માટે માતા-પિતાની પ્રેરણાની જરૂર નથી. ભણવાની 'હોમ વર્ક' કરવાની રુચિ નથી, તો માતા-પિતા કહી કહીને થાકી જાય, તો ય ઠેકાણું પડતું નથી. સૂચન... પ્રેરણા... સમજાવટ... આગ્રહ આ બધાને 'ઓવરટેક' કરી જાય છે રુચિ... આ બધાની ઉપરવટ જઈને પોતાનો પ્રભાવ દેખાડી જાય છે રુચિ... દેવચંદ્રજી મહારાજે પ્રભુની સ્તવના કરતા કરતા કહ્યું છે -

रुचि अनुयायी वीर्य रे

શક્તિ રુચિને અનુસરે છે... શક્તિ રુચિની પાછળ પાછળ જાય છે. જે વિષયમાં રુચિ છે, તે વિષયમાં શક્તિનો વ્યય સાહજિક રીતે થાય છે. આ જ રુચિ જ્યારે આત્માનુભૂતિના વિષયમાં જાગૃત થાય, ત્યારે એ એક તીક્ષ્ણ તલવાર બનીને શત્રુઓનો વિનાશ કરીને રહે, એમાં શું આશ્ચર્ય છે? પદની મધ્યકડીમાં આજ વાત રજુ થઇ રહી છે...




टोप सन्नाह शूर को बानो
एकतारी चोरी पहिरीरी.
सत्ता थल में मोह विदारत
ऐ ऐ सुरिजन मुह नीसरीरी...२
आतम अनुभव रीति वरीरी...



ટોપ, બખતર અને એકતારો સુરવાળ (કચ્છા પર પહેરાતી લોખંડી જાળી) આ શૂરવીરનો વેષ તેણે પહેર્યો અને સત્તાના સમરાંગણમાં મોહને એવી રીતે કાપી નાખ્યો કે વિદ્વાનોના મુખમાંથી 'અહો! અહો!' એવા શબ્દો સરી પડ્યા. ।।૨।।

હલ્દીઘાટીનું રાણા પ્રતાપનું યુદ્ધ, ટીપુ સુલતાનનું યુદ્ધ અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનું યુદ્ધ ઈતિહાસમાં અવિસ્મરણીય બની ગયું છે. આ યોદ્ધાઓએ વિજય મેળવ્યો હતો એવું નથી. પણ તેઓ પ્રસિદ્ધ બની ગયા પોતાની અદ્ભુત શૂરવીરતાથી. આ યોદ્ધાઓની સામે યુદ્ધ કરીને જેઓ વિજેતા બન્યા હતા, તેમના નામ પણ આપણને ખબર નથી, અને કાં તો આપણે ભૂલી ગયા છીએ. યાદ તો રહી ગઇ છે સત્ત્વની અને શૂરવીરતાની આ પ્રતિમાઓ.

શૂરવીર તલવાર અને ભાલાઓનો ઉપયોગ કરે છે, ટોપ અને બખતર પહેરે છે, પણ એનું સાચું શસ્ત્ર તો શૂરવીરતા હોય છે. ધારો કે હરણનું બળ ૧% ગણીએ અને સિંહનું બળ ૧૦૦% ગણીએ, તો ૧૦૦ હરણ = ૧ સિંહ એમ કહેવાય. પણ વાસ્તવિકતા તેવી નથી. એક લાખ હરણ સાથે હોય, તો ય સિંહનું રુંવાડુ પણ ન ફરકે અને સિંહને જોઇને એ બધાના મોતિયા મરી જાય. જીવ લઇને એક લાખ હરણો ભાગે. કારણ કે શૂરવીરતા તો સિંહના પક્ષે છે.

**કલ્પસૂત્ર**માં પ્રભુ વીરનું એક વિશેષણ છે –

सीहे इव दुद्धरिसे

લાખો હરણો ભેગા થઇને પણ જેમ સિંહનો પરાજય ન કરી શકે, તેમ મોહરાજની આખી સેના ભેગી થઇને પણ પ્રભુનો પરાભવ ન કરી શકે. પરીષહો અને ઉપસર્ગો સ્વયં હાંફી જાય, પણ પ્રભુને હંફાવી ન શકે. આ છે પ્રભુની સિંહ જેવી શૂરવીરતા.



શૂરવીરતાના ત્રણ આધારસ્તંભ છે -

(૧) સ્વાતંત્ર્ય

(૨) અસહિષ્ણુતા

(૩) સત્ત્વ

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના ઉદાહરણથી આ ત્રણ આધારસ્તંભને સમજીએ.

(૧) ઝાંસીનું રાજ્ય સ્વતંત્ર છે, એ અંગ્રેજોની પરાધીનતા ન સ્વીકારે. આ સ્વાતંત્ર્યની વિચારધારાએ લક્ષ્મીબાઈમાં શૂરવીરતા પ્રગટ કરી. આપણે પણ વિચારીએ કે મારી આત્મભૂમિ સ્વતંત્ર છે. એ કર્મની પરાધીનતા ન સ્વીકારે. મારો આત્મા સ્વાધીન છે. એ મોહરાજાનો ગુલામ ન બને... આ ચિંતન આત્મામાં શૌર્યશક્તિનો સંચાર કરે છે. (૨) સહી લેવાની વૃત્તિ, એ સહિષ્ણુતા. લક્ષ્મીબાઈની રગ રગમાં રાજવી લોહી વહેતુ હતું. કોઇની જોહુકમી અને અન્યાયને ચલાવી લેવાની કે સહન કરી લેવાની તેની કોઈ તૈયારી ન હતી. આત્મસાધકે બાહ્ય શત્રુઓ સામે તથા પરીષહ-ઉપસર્ગો સામે જેટલા સહિષ્ણુ થવાની


all delays are
dangerous
in war

જરૂર છે, એટલું જ આભ્યંતર શત્રુઓ સામે અસહિષ્ણુ થવાની જરૂર છે. જેમ જેમ અસહિષ્ણુતાનો ઉત્કર્ષ થાય, તેમ તેમ શૂરાતન પરાકાષ્ઠાને આંબતુ જાય છે. (૩) લક્ષ્મીબાઈમાં માત્ર સ્વાતંત્ર્યની વૃત્તિ અને અસહિષ્ણુતા જ હોત, તો તે આટલું પરાક્રમ ન દાખવી શકત. તેનામાં હતી ધગધગતી સત્ત્વની ખુમારી. હરણને સ્વાતંત્ર્યની ઝંખના છે, સિંહનો જુલમ સહન કરવાની તેની તૈયારી પણ નથી. તો ય સત્ત્વના અભાવે એ પિંખાઈ જાય છે. સિંહની એક જ તરાપ એના જીવન પર પૂર્ણવિરામ મુકી દે છે. સિંહ પર વિજય મેળવવાની વાત તો દૂર રહી, સિંહ સાથે બાથ ભીડવાનું શૂરાતન પણ એ દાખવી શકતો નથી.

## ટોપ સન્નાહ શૂર કો બાનો

શૂરવીરના ટોપ - બખ્તર કહો, કે એનો ખરો વેષ કહો, જે છે એ સત્ત્વ છે. કાયર વ્યક્તિ તલવાર સાથે પણ ધ્રુજતો હોય છે. શૂરવીર નિઃશસ્ત્ર હોય, તો પણ નિર્ભય હોય છે. શૂરવીર જ્યારે રણસંગ્રામમાં ઝુકાવે ત્યારે પોતાના ઘર-બારને ભૂલી જાય છે, પોતાના શરીરને ભૂલી જાય છે, પોતાના પ્રાણોની પણ પરવા કરતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે -

तृणं ब्रह्मविदः स्वर्ग - स्तृणं शूरस्य जीवितम्।
जिताक्षस्य तृणं नारी, निःस्पृहस्य तृणं जगत्।।

આત્માનુભૂતિના આનંદનો જેણે આસ્વાદ લીધો છે, એને મન સ્વર્ગ તૃણ સમાન છે. શૂરવીર યુદ્ધમાં ઝુકાવે ત્યારે એને મન જીવનની કિંમત ઘાસ બરાબર હોય છે, જે જિતેન્દ્રિય છે, એને સ્ત્રી તૃણમાત્ર લાગે છે અને જે નિઃસ્પૃહ છે એને મન સમગ્ર વિશ્વ એક ઘાસના પૂળાથી વિશેષ કશું જ નથી.

ઘાસની એક સળી હોય કે ન હોય, રહે કે જાય, શું ફેર પડે? તેમ રણસંગ્રામમાં સામી છાતીએ મરણિયા બનીને ધસી ગયેલો શૂરવીર પણ વિચારે છે, કે જીવન રહે કે ન રહે શું ફેર પડે છે? આ જ વિચારધારા સાથે એ પૂરી શક્તિથી શત્રુસેના પર ત્રાટકે. એનો જુસ્સો જોઇને ભલભલાના હાજા ગગડી જાય, એનો વેગ જોઈને કાચાપોચા સૈનિકો ધ્રુજવા લાગે, એના પ્રહારો શત્રુસેનાની હિંમત પર મરણતોલ ફટકા પાડતા જાય.

આ સત્ત્વ, શૌર્ય અને પરાક્રમ હોય આત્મસાધકનું.... આવા પરાક્રમ સાથે એ મોહરાજ પર ત્રાટકે અને એની સાથે ખૂંખાર જંગ ખેલીને એના લીરે લીરા ઉડાવી દે...

## सत्ता थल में मोह विदारत

સત્તા એટલે આત્માનું અસ્તિત્વ... સત્તા એટલે આત્માના આધિપત્યનું સામ્રાજ્ય... સત્તા એટલે લોકાકાશ - પ્રદેશપ્રમાણ અસંખ્ય આત્મપ્રદેશો. આ પ્રદેશોમાં ઘુસણખોરી કરી મોહરાજાએ. પ્રત્યેક આત્મપ્રદેશ પર પોતાના અનંત અનંત સાગરીતોને બેસાડી દીધા. તેમણે ભયાનક આતંકવાદ માંડ્યો. આત્માને બરબાદ કરવામાં તેમણે કોઇ કસર ન છોડી. રે... આત્મા તો એ સામ્રાજ્યનો સમ્રાટ હતો, એને તેમણે ગુલામ બનાવ્યો, આત્મા ય કેટલો મૂર્ખ ! એણે એ ગુલામી સ્વીકારી લીધી. શહેનશાહ બની બેઠો મોહરાજ. આત્માના પ્રદેશે પ્રદેશને પોતાની જાગીર બનાવી દીધી કર્મ-આતંકવાદીઓએ... આત્મા એના ઇશારે નાચતો રહ્યો, અને બરબાદ થતો રહ્યો. વીતી ગયો આ રીતે અનંત અનંત કાળ. જેની ભયાનકતા અને કરુણતાનું વર્ણન પણ થઈ શકે તેમ નથી.

કોઇ ધન્ય ક્ષણે પ્રભુનો પ્રસાદ થયો... સદ્ગુરુનો શક્તિપાત થયો... પ્રવચન-અંજનથી દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ થઈ અને આત્માએ પોતાના ખરા શત્રુને ઓળખ્યો. તેની

સામે યુદ્ધ છેડવા માટે રત્નત્રયીની સાધના કરી અને પછી રણસંગ્રામમાં ગજબનાક પરાક્રમ દાખવ્યું. આત્માનુભૂતિની રુચિ એની તીક્ષ્ણ તલવાર હતી. માત્ર તેજલિસોટા જ જોઇ શકાય, એવી ઝડપ સાથે એની તલવાર વીંઝાતી જતી હતી... મોહરાજાના એક પછી એક શસ્ત્રો નિષ્ફળ જવા લાગ્યા... એનું જોર ઘટતું ગયું... એના દાવપેચો ઊંધા પડવા લાગ્યા. આત્માને બરબાદ કરવા માટે એ જે જે વ્યૂહ ગોઠવતો હતો, તે તે વ્યૂહથી આત્મશક્તિ ઉલ્ટી વધવા લાગી હતી. છેવટે આત્મશક્તિ પરાકાષ્ઠાએ પહોંચી... અધમૂઆ થઇ ગયેલા મોહરાજા પર એક મરણતોલ પ્રહાર થયો. બીજી જ ક્ષણે રણભૂમિમાં એના દેહના ટુકડા પડ્યા હતા...

### सत्ता थल में मोह विदारत

જ્યારે આવા મર્દાનગીભર્યા યુદ્ધો થાય, ત્યારે આકાશમાં દેવ-દેવીઓના ટોળા ઉભરાય. વિદ્યાધર ને વિદ્યાધરીઓ ઉત્સુકતાથી આવા યુદ્ધો જુએ. પળે પળે તેમના મુખના ભાવો બદલાતા જાય. આશ્ચર્ય... કુતુહલ... ઉત્સુકતા... ભય... અહોભાવ... એવી  અનેકાનેક લાગણીઓ તેમના મુખ પર તરવરતી હોય. એમાં જ્યારે શૂરવીર અદ્ભુત વીરતા દાખવે... ત્યારે દેવતાઓ તેના પર પુષ્પવૃષ્ટિ કરે... પ્રેક્ષકોના મુખમાંથી અહો અહોના ઉદ્ગારો સરી પડે.

આત્મા જ્યારે મોહરાજને પરાસ્ત કરે ત્યારે જ્ઞાનીજનો પણ અહોભાવ સાથે તેનું અભિવાદન કરે છે.

### ऐ ऐ सुरिजन मुह नीसरीरी

કળા જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે તેને જોઇને ભલભલા પણ માથું ધુણાવ્યા વિના રહી શકતા નથી. વિદ્વાનો પણ તેમની મુક્ત મનથી પ્રશંસા કરે છે.

**મોહનું વિદારણ ભવચક્રના અંતે થાય છે, પણ મોહના વિદારણની** તક તો ડગલે ને પગલે મળે છે. કોઇએ આપણા માટે બે શબ્દ સારા કહ્યા, ત્યારે આત્મદોષોનો વિચાર કરીને લઘુતા ટકાવી રાખવી, એનું નામ મોહવિદારણ.

કોઇ કહે, ''તમે તો મોટા તપસ્વી છો.'' ત્યારે દિલથી જવાબ આપે કે, ''ભાઇ ! રહેવા દે, કાંઇ વાત કરવા જેવી નથી. અંતરમાં આહારસંજ્ઞાના કેવા તોફાનો ચાલે છે, એ મારું મન જાણે છે. આ તો થોડો તપ થઇ ગયો, બાકી મારી તો ભયાનક ખા-ખા કરવાની વૃત્તિ છે. ભયાનક ગુંડો કેટકેટલી ખાનાખરાબી કર્યા બાદ થોડી વાર જપમાળા લઇને બેસી જાય, એટલા માત્રથી એ ગુંડા તરીકે મટી નથી જતો. એમ હું તો અનાદિકાળથી ખા-ખા કરવાની પશુવૃત્તિનો ભોગ બન્યો છું. આજે બે-ચાર દિવસનો તપ કર્યો... એમાં...''

આ લાગણી સાથે એ આત્મસાધકની આંખોમાં ઝળહળિયા આવી જાય... એનું નામ મોહવિદારણ.

કોઇ કહે ''તમે તો બહુ જ્ઞાની છો,'' ત્યારે તે કહે, ''કાંઇ વાત કરવા જેવી નથી. હજી તો કષાયોનું કેટલું જોર છે. જ્ઞાનની પરિણતિનું નામોનિશાન નથી. એક નાનું પણ નિમિત્ત મળે, અને મન ખળભળી ઉઠે છે. ક્રોધનો તો હું ગુલામ છું. ડગલે ને પગલે મને અહંકાર સતાવે છે, માયાના બંધને મને જકડી લીધો છે. મારા લોભનો તો કોઇ પાર જ નથી. પરિણતિ વિનાના જ્ઞાનનો શો અર્થ? અને કેવળજ્ઞાનના મહાસાગરની સામે તો મારું જ્ઞાન એક બિંદુ પણ નથી. પ્રમાણ (Quantity) પણ નહીવત્ અને ગુણવત્તા (Quality) પણ શૂન્ય... ભાઈ ! મહેરબાની કરીને 'જ્ઞાની' કહીને મને શરમાવશો નહીં...''



આ છે આત્મસાધકનું મોહવિદારણ. જે જે નિમિત્તો મોહરાજાના શસ્ત્ર જેવા છે, તે તે નિમિત્તો દ્વારા પણ જે મોહનો વિનાશ કરે, એનું નામ આત્મસાધક... એનું નામ ખરો શૂરવીર.

આર્ય દેશના રાજાઓ પ્રભુ વીરનો સત્કાર કરતા હતા, પ્રભુને તો અપમાનો જોઈતા હતા, ઉપસર્ગો જોઈતા હતા, તેથી પ્રભુ સામે ચાલીને અનાર્ય દેશમાં ગયા. આનું નામ મોહવિદારણ. ત્યાં ગયા પછી ઉપસર્ગોને સમતાથી સહન કર્યા, એ પણ મોહવિદારણ. ઉપસર્ગ કરનારા તેમને વ્હાલા બંધુ અને સહાયક મિત્ર જેવા લાગ્યા એ પણ મોહવિદારણ... અને સહન કર્યા બાદ 'હું સહન કરું છું.' એવી સભાનતાથી જનિત સૂક્ષ્મ અહંકારથી મુક્ત રહી શક્યા, એ પણ મોહવિદારણ. પ્રભુનું આ પ્રચંડ પરાક્રમ જોયા પછી પ્રભુનું 'મહાવીર' નામ ખરેખર સાર્થક લાગે છે. પૂ. આનંદઘનજી મહારાજે તો વીર પ્રભુ પાસે આ મહાવીરતા જ માંગી છે...

વીર જિનને પાયે લાગું , વીરપણું તે માંગુ રે...

જ્યાં સુધી આ મહાવીરતા નહીં મળે, ત્યાં સુધી મોહવિદારણ નહીં થાય... જ્યાં સુધી મોહવિદારણ નહીં થાય... ત્યાં સુધી મોક્ષ નહીં મળે.

રાજસ્થાનની ધરતી શૂરવીરતાથી ભરેલી હતી. ત્યાં બાળક હજી તો પારણામાં ઝુલતો હોય, ત્યારથી તેની માતા તેને 'વીરતા'ના પાઠ ભણાવતી હતી...

इला न देणी आपणी रण खेतां भिड़ जाय,
पूत सिखावै पालणै मरण बडाई माय।

માતા પુત્રને પારણામાં ઝુલાવતા ઝુલાવતા કહે છે કે, "વત્સ ! તારી ભૂમિ કોઇને દેતો નહી, એના માટે રણસંગ્રામ ખેલી નાખજે. હસતે મુખે મોતને ભેટી જજે..."

મહાવીર પણ એક 'મા'ની જેમ આપણને શીખવે છે... તારી આત્મધરતી પર એક માત્ર તારું આધિપત્ય છે. કર્મસત્તા તારા સામ્રાજ્યને પચાવી પાડે અને તું જોયા કરીશ? ના, આવો કાયર ન બનતો. જીવ સટોસટનો ખેલ ખેલજે. કર્મસંગ્રામમાં શૂરવીર બનજે.

પ્રભુની આ લાગણી શાસ્ત્રોમાં શબ્દ દ્વારા ગુંથાયેલી છે...

परक्कमिज्जा तवसंजमम्मि

વત્સ! તારે તો તપ અને સંયમના ક્ષેત્રમાં
પરમ પરાક્રમી બનવાનું છે.

इमेण चेव जुज्झाहि

તું તારા શરીર સાથે જ યુદ્ધ કર...
તારી સુખશીલતાને સમાપ્ત કરી દે.

कसेहि अप्पाणं

તારી જાતનો કસ કાઢી લે.

सींहो व सद्देण न संतसेज्जा

શબ્દાદિ પ્રતિકૂળ વિષયો-પરીષહો-ઉપસર્ગોથી ડરતો નહીં
પણ સિંહ જેવો શૂરવીર બનજે.

सरेहि संगामगयं व कुंजरं

પરાક્રમ દાખવવામાં પાછો ન પડતો યાદ કરજે એવા સમયે
રણસંગ્રામમાં મહાપરાક્રમથી ધસી જતા ગજરાજને.

समुट्ठिते अहोविहाराए

તારે તો સમુત્થાન કરવાનું છે...
શ્રેષ્ઠ શૂરવીરતા કેળવવાની છે... ઉગ્ર સંયમ સાધના માટે.




चरे संकमणे दढे

વત્સ ! દૃઢતાપૂર્વક મોક્ષમાર્ગમાં પ્રગતિ કરતો જા. કર્મસેનાનો કચ્ચરઘાણ કરતો જા. વિજયપતાકા તારા જ હાથમાં હશે.

આ એક એક પંક્તિઓ સાક્ષાત્ ભગવાને આપણને આપેલી હિતશિક્ષા છે... એક વીરાંગના માતા જાણે પોતાના વ્હાલા વત્સને વાત્સલ્યથી વીરતાનું પાન કરાવી રહી છે.

પેલી રાજસ્થાનની વીરાંગનાના શબ્દો તો જુઓ...

**जलम दिखायो जलम-दिन, परण दिखायो आज,**
**बेटा हरख दिखावजे, मरण देस-रै काज।**

બેટા ! જન્મ લઈને તે જન્મોત્સવનો દિવસ દેખાડ્યો. આજે વિવાહ કરીને વિવાહોત્સવનો દિવસ દેખાડ્યો. એક દિવસ દેશને માટે જાન આપીને મરણોત્સવનો દિવસ પણ દેખાડજે.

મહાવીર તો એ માતાથી ય બે ડગલા આગળ છે... પ્રભુ પરાક્રમથી મરી જવાનું નથી કહેતા, પણ પરાક્રમથી અમર બની જવાનું કહે છે... શૂરવીરતાથી શત્રુઓનો સંહાર કરીને સિદ્ધિ મેળવવાનું કહે છે...

**सत्ता थल में मोह विदारत, ऐ ऐ सुरिजन मुह नीसरीरी**

એક આગમ છે **સ્થાનાંગસૂત્ર.** એમાં ચાર પ્રકારના શૂરવીરનું વર્ણન છે -

चत्तारि सूरा पण्णत्ता तं जहा – खंतिसूरे तवसूरे दाणसूरे जुद्धसूरे । खंतिसूरा अरहंता
तवसूरा अणगारा दाणसूरे वेसमणे जुद्धसूरे वासुदेवे।।३१७।।

ચાર પ્રકારના શૂરવીર કહ્યા છે (૧) ક્ષમાશૂર (૨) તપશૂર (૩) દાનશૂર (૪) યુદ્ધશૂર

ક્ષમામાં શૂરવીર હોય છે અરિહંત. તપમાં શૂરવીર હોય છે મુનિવર. કૂબેર દાનમાં શૂરવીર છે. વાસુદેવ યુદ્ધમાં શૂરવીર છે.

અરિહંત અને અણગાર આ બે ના આલંબને શૂરવીરતાને આત્મસાત્ કરીએ, તો આ પંક્તિની ભવ્યતા આપણા ભવિષ્યને વરી શકે છે...

सत्ता थल में मोह विदारत

આંતર-શત્રુનો સંહાર કરીને શૂરવીર જ્યારે જયપતાકાને પ્રાપ્ત કરે છે, ત્યારે જે દિવ્ય ઉત્સવ થાય છે, તેનું વર્ણન ચરમ કડીમાં રજું થઈ રહ્યું છે...



केवल कमला अपछर सुंदर
गान करे रस रंग भरीरी,

जीत निशान बजाइ विराजे
आनंदघन सर्वंग धरीरी...३

**आतम अनुभव रीति वरीरी...**

કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી સુંદર અપ્સરા છે. એ રસ અને રંગથી ભરાઈ જઈને ગાન કરે છે. આનંદઘનસ્વરૂપ આત્મા વિજયનો ડંકો વગાડે છે અને તેને સર્વાંગે ધારણ કરી બિરાજે છે. ||૩||

યુદ્ધ ગણતરીની પળોનું હોઈ શકે... તો સંખ્યાબંધ વર્ષોનું પણ હોઈ શકે... યુદ્ધ અલ્પકાલીન હોય, કે દીર્ઘકાલીન હોય... જ્યારે એમાં શૂરવીર વિજય મેળવે, તે એક સ્વર્ણીય ક્ષણ હોય છે. તે ક્ષણે બંને પક્ષના સૈન્યો તેના પરાક્રમ પર ઓવારી જાય છે. શત્રુઓ પણ તે ક્ષણે ચકિત થઇ જાય છે. દેવતાઓ તે શૂરવીર પર પુષ્પવૃષ્ટિ કરે છે, તો દેવીઓ આકાશના આંગણે રાસડા રમે છે.

અક શૂરવીર જ્યારે આંતરશત્રુઓ પર જ્વલંત વિજય મેળવે છે, ત્યારે સુદીર્ઘકાલીન યુદ્ધનો અંત આવે છે. આત્મભૂમિમાં વિજયપતાકા લહેરાય છે. આત્મશક્તિનું શાશ્વત સામ્રાજ્ય પ્રતિષ્ઠિત થાય છે. ગગનમાં દિવ્ય દેવદુંદુભિનો નાદ થાય છે. દેવતાઓ રાસડા લે છે. સુવર્ણકમળની રચના કરે છે. આનંદઘનસ્વરૂપ આત્મા તેમાં બિરાજમાન થાય છે. અને એક મહામહોત્સવના સ્વયંભૂ મંડાણ થઇ જાય છે. પદ્મપ્રભ સ્વામિના સ્તવનમાં પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું છે -

તુજ મુજ અંતર અંતર ભાંજશે વાજશે મંગલ તૂર,
જીવ-સરોવર અતિશય વાધશે આનંદઘન-રસ-પૂર...

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ એ પુણ્યાત્માની મોહવિદારણની મર્દાનગીની હાર્દિક અનુમોદના કરવામાં કોઇ કસર છોડતા નથી. મર્ત્યલોકમાં એ સમયે તેઓ એવું વાતાવરણ સર્જે છે, કે જેને જોઇને ખુદ સ્વર્ગ પણ શરમાઇ જાય. નિકટના રાજા... મહારાજા... શ્રેષ્ઠીવર્યો એ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. મહેંક મહેંક થતું મઘમઘાયમાન વાયુમંડળ... નિરંતર સુરભિ પુષ્પવૃષ્ટિ... સુગંધી જળનો છંટકાવ... એ શૂરવીરના મધુર ગુણગાન... દિવ્ય સંગીત... નિરુપમ નૃત્ય... શબ્દાતીત... તર્કાતીત... કલ્પનાતીત હોય છે એ માહોલ. પણ એ બધો તો બાહ્ય દેદાર... એને ય ક્યાંય ટપી જાય એવો અદ્ભુત હોય છે એ વિજયીનો આંતર વૈભવ... ક્ષીણમોહવીતરાગ ગુણસ્થાનના સિંહાસન પર એ બિરાજમાન છે. અનંત જ્ઞાનશક્તિનો એ સમ્રાટ છે. અક્ષય સુખનો એ ભોક્તા છે. બાહ્ય પુષ્પોની સુવાસને તો ક્યાંય પાછી પાડી દે, એવી ગુણોની સુરભિથી મહેંકી રહ્યું છે એનું અંતર-ઉપવન. સુગંધી જળની વૃષ્ટિને તો ક્યાંય શરમાવે એવી આત્મપરિણતિની સુધાવૃષ્ટિથી આપ્લાવિત થઇ રહી છે એની હૃદય-વસુંધરા. દિવ્ય સંગીતના માધુર્યને તો ક્યાંય ઓળંગી જાય છે એની પરમ વીતરાગતાની સરગમ. રંભા, ઉર્વશી અને તિલોત્તમા જેવી અપ્સરાઓના નૃત્યને તો પળવારમાં ભૂલાવી દે છે... એના પ્રત્યેક આત્મપ્રદેશ પર નૃત્ય-ગાન કરતી કેવલ કમલા...

**केवल कमला अपछर सुंदर**
**गान करे रस रंग भरीरी**

અદ્ભુત છે આ અપ્સરા... અનંત દ્રવ્યોની જ્ઞપ્તિ એનું ગીત છે... અનંત પર્યાયોની દૃષ્ટિ એનું સંગીત છે... અનંત કાળનું અવલોકન એના અંગમરોડ છે... અનંત આનંદની અનુભૂતિ એનો સહચર તાલ છે... પ્રતિક્ષણ પરમ પરિણમન એ એની ચાલ (Steps) છે... અનંત આત્મગુણો એના

પ્રેક્ષક છે... અસંખ્ય આત્મપ્રદેશો એની રંગભૂમિ છે...

### કેવલ કમલા અપછર સુંદર
### ગાન કરે રસ રંગ ભરીરી

સમગ્ર વિશ્વની મનોરંજનની મથામણને હસી કાઢે છે આ અદ્ભુત નૃત્ય... દેવલોકના દિવ્યસંગીતને તથા સર્વાર્થસિદ્ધના સર્વોત્કૃષ્ટ રણકારને પણ શરમાવે છે એની સ્વર-મધુરતા. સૌંદર્યની સીમા છે આ અપ્સરા... સૌંદર્યનું ચિહ્ન છે આ અપ્સરા... એના સિવાય બીજું કોઇ સુંદર નથી.

### કેવલ કમલા અપછર સુંદર

વૈશ્વિક સૌંદર્યનું પ્રતિક છે કેવલકમલા... આ વાસ્તવિકતાને બરાબર અસ્થિમજ્જા કરી દો. પછી દુન્યવી રમણીઓ તદ્દન કદરૂપી લાગશે... પૌદ્ગલિક સુરાવલીઓ ઘોંઘાટ લાગશે... નફ્ફટ નટડીઓના નૃત્યો કઢંગી ઉછળકૂદ લાગશે... અને તેમના ચેનચાળામાં વાનરતાનું દર્શન થશે.

તમે વૈરાગી નથી, કબૂલ... સૌંદર્યની પાછળ તમે પાગલ છો, કબૂલ... સ્વરમાધુર્ય તમને લલચાવે છે, કબૂલ... પણ જો એ સૌંદર્ય હકીકતમાં કદરૂપતા હોય તો? એ સ્વર વાસ્તવમાં ઘોંઘાટ હોય તો?...

જે સ્વયં 'આનંદઘન' છે, એ આનંદને છોડવાનો આગ્રહ ન કરે, એ તો માત્ર આનંદનો વાસ્તવિક સ્રોત દેખાડે છે. એ તો માત્ર એટલો જ સંકેત કરે છે કે આંધળી દોટ ન કરો... જે દિશામાં દોડો છો ત્યાં એક દૃષ્ટિ પણ કરી લો. તમને જે જોઇએ છે, એ તો તદ્દન વિપરીત દિશામાં છે.



### કેવલ કમલા અપછર સુંદર


સમગ્ર વિશ્વના સૌંદર્યનો સાર છે કેવલકમલા... વિશ્વરમણીઓને વાનરી કરતા ય બદતર કક્ષામાં મુકે છે કેવલકમલા... લાવણ્યની પરિભાષાઓમાં પરિવર્તન કરવાની ફરજ પાડે છે આ અપ્સરા... ઉત્કૃષ્ટ નૃત્યને પણ ઉછળ કૂદની કક્ષામાં મુકી દેવા માટે મજબૂર કરે છે આ સુંદરી... સુમધુર સંગીતને ય બેસુરાનું બિરુદ અપાવે છે એની રમણીય રાગિણીઓ...

### કેવલ કમલા અપછર સુંદર
### ગાન કરે રસ રંગ ભરીરી...

માન્યતાના સ્તરે આટલું તો 'ફીટ' કરી જ દો કે સાચું સૌંદર્ય છે કેવલકમલામાં. ઝંખનાની કક્ષામાં આટલું તો લાવી જ દો કે પામવા જેવી છે એક માત્ર આ જ અપ્સરા.

### ગાન કરે રસ રંગ ભરીરી

શાંત રસના ખળ ખળ વહેતા ઝરણા જેવી છે આ અપ્સરા... માટે એ રસભરી = રસપૂર્ણ છે... રસનો બીજો અર્થ છે ભાવ. પરમભાવની પરિણતિથી પૂર્ણ છે આ કમલા. માટે પણ એ રસભરી છે... અનંત દ્રવ્યો અને અનંત પર્યાયો એનામાં પ્રત્યેક ક્ષણે પ્રતિબિંબિત થાય છે, માટે એ રંગભરી છે. રસ



અને રંગના જે લંપટ હોય... જેને એક માત્ર ભોગની જ તૃષ્ણા હોય, તેમણે પણ યોગસાધનામાં જ ઝુકાવવા જેવું છે. કારણ કે સર્વોત્કૃષ્ટ રસ અને રંગ છે કેવલકમલામાં... અને તેની પ્રાપ્તિ થાય છે યોગસાધનાથી.

શત્રુંજય પર વાઘણપોળ છે, તેનો ઈતિહાસ સાંભળ્યો હશે. વિક્રમ ભાવસાર નામનો ભડવીર વાઘણ સાથે બાથ ભીડે છે. પોતાના જાનની બાજી લગાડીને વાઘણ સાથે ભયાનક યુદ્ધ ખેલે છે. યુદ્ધમાં વિજય મેળવે છે અને ડંકો વગાડે છે. જેથી દૂર ઉભેલા લોકોને તેના વિજયનો સંકેત મળે છે.

## જીત નિશાન બજાઇ વિરાજે

શૂરવીર જ્યારે વિજય મેળવે, ત્યારે વિજય ડંકો વગાડે એવી પ્રાચીન પ્રણાલિકા છે. આંતરશત્રુઓ પર 'આનંદઘન' વિજય મેળવે છે... સર્વોત્કૃષ્ટ સામ્રાજ્યના સત્તાધીશ તરીકે સિંહાસન પર બિરાજમાન થાય છે, લૌકિક જગતનો સમ્રાટ પોતાની પ્રિયતમાને પોતાની સાથે બેસાડે છે. મહાદેવ માટે કહેવાય છે કે તેમણે પોતાના અડધા શરીરમાં પ્રિયાને ધારણ કરી છે. પણ આનંદઘન... તેની તો વાત જ કાંઇક ઓર છે.

## આનંદઘન સર્વંગ ધરીરી

આનંદઘને તો પોતાની પ્રિયતમાને સર્વાંગે ધારણ કરી છે... સર્વાંગ એટલે? હાથમાં... માથામાં... છાતીમાં... એમ? ના... આનંદઘનને તો શરીર જ ક્યાં છે. એ તો આત્મસ્વરૂપ છે. પ્રત્યેક આત્મપ્રદેશ એનું અંગ છે. અસંખ્ય આત્મપ્રદેશો એના સર્વ અંગ છે. પ્રત્યેક આત્મપ્રદેશ એની પ્રિયતમા સાથે પરોવાયો છે.

## આનંદઘન સર્વંગ ધરીરી

આનંદઘનની પ્રિયતમા એટલે કેવલકમલા. સમતા શુદ્ધ ચેતના... આ બધા તેના જ પર્યાયો છે. એ જ આનંદઘનની પ્રાણેશ્વરી છે. આત્માનુભૂતિ જ્યારે આકાશની અસીમતાને આંબી લે... આત્મસાધકનું શૂરાતન જ્યારે આંતરશત્રુઓના છક્કા છોડાવી દે... વિજયી આનંદઘન જ્યારે વિજય ડંકો બજાવી દે... ત્યારે એની પ્રિયતમા એના સર્વાંગે સમાઈ જાય છે.

## આનંદઘન સર્વંગ ધરીરી

પિયુ અને પિયાના શાશ્વત મિલનની આ પરમ પળ છે... પુરુષાર્થ કરીએ... તો એની પ્રતીક્ષા કરવાની જરૂર નહીં રહે.

અષાઢ સુદ ૬,
વિ.સં.૨૦૬૭

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.



સત્ત્વની સર્વોત્કૃષ્ટતા

પરાક્રમની પરાકાષ્ઠા

**શૌર્યની શ્રેષ્ઠતા**

*The best hearts are ever the bravest*

સત્ત્વની પરાકાષ્ઠા પામવા માટે,

કર્મસંગ્રામમાં શૂરવીર બનવા માટે,



મોહપરાજય કરવા દ્વારા કેવળજ્ઞાન અને

વીતરાગતાની પ્રાપ્તિ માટે

પરિશીલનીય પ્રબંધ.

MULTY GRAPHICS